# પ્રાંતિજના સોનાસણ-નનાનપુર મધ્યે આવેલ દત્ત મંદિર આસ્થાનું કેન્દ્ર

**વાર તહેવારે ધાર્મિક પ્રસંગે હજારોની સંખ્યામા લોકો અહી આવે છે : અહી ધર્મશાળા પણ આવેલ છે : વિવિધ ધાર્મિક ઉત્સવો ભંડારા, મહા પ્રસાદના આયોજન થાય છે : દત્ત મહારાજ તેમજ પારેશ્વર મહાદેવનુ મંદિર છે : વર્ષો પહેલા માત્ર જગલ હતુ : વર્ષો પહેલા તપસ્વી શંકરગીરી મહારાજ અહી તપ કરવા માટે આવેલ : આ પવિત્ર જગ્યાએ મંદિર સહિત ધર્મશાળા નિર્માણ થયુ છે**







પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સોનાસણ-નનાનપુર ની મધ્યે દત્ત મંદિર આવેલ છે અને તાલુકામા માત્ર અહી વિશાળ દત્ત મંદિર આવેલ છે તો અહી વાર તહેવારે ધાર્મિક પ્રસંગે હજારોની સંખ્યામા લોકો આવે છે. વરસો પહેલા ગરવા ગિરનાર પર નાગાબાવા શંકરગીરી મહારાજ તપસ્યા કરતા હતા ભભૂતી ધારી તપસ્વી શંકરગીરી મહારાજ ને એક ભક્ત ના આગ્રહ થી પ્રાંતિજ તાલુકાના સોનાસણ-નનાનપુર મધ્યમા આવેલ જંગલ જેવા વિસ્તાર મા એકાત વાસમાં તપજપ કરવા આવેલા અને એ વખતે વર્ષો પહેલા અહી દત્ત ધૂનો ધપાવી તપસ્યા ભજન ચાલુ કરતા આજુબાજુના વિસ્તાર માંથી ભકતો આવતા માંડયા હતા અને બાપુ એ ભકતોના સહકાર થી વર્ષો પહેલા દત્ત મંદિર બનાવી વિવિધ ધાર્મિક કાર્યક્રમ કર્યા પછી તો તપસ્યા ના બળે ભવ્ય ધર્મશાળા પણ બનાવવામા આવી હતી અને ભક્તિ ની મિશાલ ઝળહળતી અને આજે ભવ્ય દત્ત ભવન સહિત ના મકાનો બની જતા વિવિધ ધાર્મિક ઉત્સવો , ભંડારા ,મહા પ્રસાદ ના, આયોજનો થાય છે સ્વ.બાબુભાઈ નાયી નનાનપુર વારા સહિત ના ભકતો એ બાપુ ને સેવા અને સહકાર આપ્યા બાદ જંગલમા મંગલ થયુ છે અને આજે અંહી વિશાલ દત્ત મંદિર તેમજ પારેશ્વર મહાદેવ નુ વિશાળ મંદિર પણ આવેલ છે અને વર્ષો પહેલા અહી માત્ર જંગલ હતુ અને તપસ્વી શંકર ગીરી મહારાજ અહી તપ કરવા માટે આવતા આજે દત્ત મંદિર , શિવ મંદિર સાથે હરિયાળી જોવા મળે છે અને દત્ત મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો થાય છે અને ભક્તિ ની મિશાલ ઝળહળી અને આજે ભવ્ય દત્ત ભવન જોવા મળે છે તો ભભૂતી ધારી તપસ્વી શંકર ગીરી મહારાજ નું દેહાંત થયુ અને તેમના ગુરૂભાઈ ત્રિવેણી ખીલી ને શંકર ગીરી મહારાજ ની ગાદી શોપાઈ અને ત્રિવેણી ગીરી મહારાજ દ્વારા સુંદર સેવા સુંદર આયોજન ધાર્મિક કાર્યક્રમો નો પ્રવાહ આગળ ધપાવતા વાર તહેવાર સહિત ભજન કિર્તન કાર્યક્રમ યોજાય છે તો શંકરગીરી મહારાજ ની સમાધી સ્થળ ઉપર પણ હાલ કામ ચાલી રહ્યુ છે અને આજુબાજુના ગામજનો સહકાર આપી રહ્યા છે ત્યારે અહી દર્શન કરવા આવનાર ભક્તો ની બધીજ મનોકામના પૂર્ણ થાય છે દત્ત કુપા બની રહે છે.

**૫ કરોડનું ઇસરી આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓની બૂમ...!!**

## બોટલ ચઢાવવી હોય તો આઈ.વી.સેટ બહારથી ખરીદવા મજબુર બનાવની બુમરાડ...!!

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં હજુ વિકાસ પહોંચ્યો નથી જ્યાં પહોંચ્યો છે ત્યાં પણ અધકચરો વિકાસ હોવાની બૂમો ઉઠી રહી છે આરોગ્યલક્ષી સેવાના બણગાં ફૂંકતી સરકારની સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રમાં દવાઓ અને રસીનો સ્ટોક ગમે તે ઘડીએ ખૂટી પડતી હોવાની ઘટનાઓ સતત બની રહી છે મેઘરજ તાલુકના ઈસરી ગામમાં રાજય સરકારે કરોડો રૂપિયાના ખર્ચ ઈસરી આરોગ્ય કેન્દ્ર પ્રજાની સેવા માટે ખુલ્લું મૂક્યું છે ત્યારે આરોગ્ય તંત્રની આળસ કારણે છેલ્લા કેટલાક સમયથી સારવાર લેવા આવતા ગરીબ દર્દીઓને બોટલ ચઢાવવા માટે જરૂર પડતા આઈ.વી.સેટની ખાનગી મેડિકલ માંથી ખરીદી કરવા મજબુર બનવું પડે છે આરોગ્ય તંત્ર આઈ વી સેટ નો જથ્થો તાત્કાલિક અસરથી ઉપલબ્ધ કરાવે તે ખુબ જરૂરી છે. ઈસરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર સમગ્ર પંથકના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે સારવાર માટે આશીર્વાદ રૂપ સાબિત થઇ રહ્યું છે ઈસરી આરોગ્ય કેન્દ્ર ઈન્ડોર દર્દીઓને કે પછી આઉટ ડોર દર્દીઓને બોટલ ચઢાવવાની જરૂર પડે તો દર્દીઓને ઈન્ફ્યૂઝન સેટનો જથ્થો ન હોવાથી દર્દીઓને બહાર ખાનગી મેડિકલમાં ધકેલવામાં આવતા હોવાની બૂમો ઉઠી છે . પ્રાપ્ત માહિતી અનુસાર, ઈસરી આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ સારવાર માટે આવતા દર્દી કે દર્દીના સગાને આઈવી સેટ લઇ આવો પછી જ બોટલ ચઢાવવા આવશે તેમ કહેવામા આવતાં દર્દીઓ અને લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે આ અંગે જવાબદાર તબીબ અને આરોગ્યકર્મીઓ સ્ટોક ન હોવાનું રટણ કરી રહ્યા છે અને આ અંગે જીલ્લા આરોગ્ય કેન્દ્રમાં લેખિત રજુઆત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. ઈસરી આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે પહોંચતા દર્દીઓએ જણાવ્યું હતું કે આરોગ્ય કેન્દ્રમાંથી ઈંજેકશન, દવા અને ગ્લુકોઝની બોટલ આપવામાં આવે છે પરંતુ બોટલ ચઢાવવા માટે નળી આપવામાં આવતી ન હોવાથી ગરીબ દર્દીઓએ મજબુરી વશ ખાનગી હોસ્પિટાલમાંથી આઈ વી સેટ લાવવા પડી રહી છે ત્યારે શું સરકારી આરોગ્ય કેન્દ્ર દર્દીઓ ને જાતે પૈસા ખર્ચવા બનાવવામાં આવ્યાં છે કે પછી વિકાસ માટે..? આરોગ્ય તંત્ર ઈસરી આરોગ્ય કેન્દ્રમાં આઈવીસેટનો સ્ટોક ઉપલબ્ધ કરાવે તેવી માંગ પ્રબળ બની છે.




## પાલનપરના ઉમરદશી નજીક ચાલુ ટ્રેને મોબાઈલની ચીલઝડપ

**ટ્રેનના દરવાજામા બેઠેલા મુસાફનો મોબાઈલ ગઠિયો તફડાવી ગયો : રૂ ૨૩૯૯૯ની કિંમતના મોબાઈલની ચોરી અંગે ફરિયાદ દાખલ**

પાલનપુર તા.૬

પાલનપરથી અમદાવાદ તરફ જઇ રહેલી જોધપુર અમદાવાદ ટ્રેનમાં ઉમરદશી નજીક એક અજાણ્યા ગઠિયા એ દરવાજા પાસે બેઠેલા એક મુસાફરના મોબાઈલની ચીલઝડપ કરી પલાયન થઈ ગયો હતો જે મામલે રેલ યાત્રી એ રેલવે પોલીસ મથકે પોતાના રૂ.૨૩૯૯૯ ની કિંમત ના મોબાઈલની ચોરી અંગે ફરિયાદ નોધાવી છે. અમદાવાદ વસ્ત્રાલ ના માધવ પાર્ક માં રહેતા અને ખાનગી કંપની માં એકાઉન્ટટ તરીકે નોકરી કરતા મૂળ રાજસ્થાન ના ભરત મોતિલાલ દેવાસી દિવાળી વેકેશનને લઈ વતન ના ગયા હતા અને ગત તા.૩ નવેમ્બરના રોજ મોરીબેડા રેલવે સ્ટેશન પર થી જોધપુર અમદાવાદ ટ્રેનના અમદાવાદ આવવા નીકળ્યા હતા દરમ્યાન પાલનપુરના ઉમરદશી સ્ટેશન નજીક ટ્રેન ધીમી પડતા આ રેલ યાત્રી દરવાજા પાસે મોબાઈલ દેખી રહ્યા હતા તે સમયે કોઈ અજાણ્યા ગઠિયો તેમના હાથ માં રહેલ રૂ.૨૩૯૯૯ની કિંમત નો મોબાઈલ ઝુંટવી ફરાર થઈ ગયો હતો . જે અંગે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ દાખલ થતા પોલીસે બનાવ ની તપાસ હાથ ધરી છે જોકે બે દિવસ અગાઉ પણ પાલનપુર રેલવે સ્ટેશન પર એક મહિલા ના દાગીના અને રોકડ રકમ ભરેલી બેગ ની ચોરી થઈ હતી જોકે પાલનપુર પંથકમાં રેલ માં લોકોમાં મુદ્દામાલ ની ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો હોય રેલવે માં મુસાફરી કરતા યાત્રીમાં ફફડાટ ફેલાયો છે.

## પ્રાંતિજના રાસલોડ ગામની સીમ મા ઘેટા બકરા ચરાવવાને લઈ ને બે ના સામ-સામે માથા ફુટયા

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામની સીમ મા ઘેટા બકરા ચરાવવાને લઈ ને બોલાચાલી ગાળાગાળી બાદ સામ-સામે લાકડીઓ મારતા બે ના ભોડા ફુટયા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સામ-સામે પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ ના રાસલોડ ખાતે પથારી નાખીને રહેતા નધવણભાઈ ઈન્દુભાઈ ભરવાડ તથા તેવો ના પત્ની જયેતીબેન નધવણભાઈ ભરવાડ બન્ને જણા રાસલોડ ગામની જમીનમાં ખરાબા માં ઘેટા બકરા ચારતા હતા તે દરમ્યાન પ્રાંતિજ ના બાકલપુર ગામની સીમ મા રહેતા રામાભાઈ હરજીભાઈ ભરવાડ તથા તેમના ભાઈ હમીરભાઈ હરજીભાઈ ભરવાડ બન્ને તેવોના ઘેટા બકરા રાસલોડ ગામની સીમ મા ઘેટા બકરા ચરાવવા માટે આવતા અંદરોઅંદર બોલાચાલી થયેલ અને નધવણ ભાઈ એ કર્યુ કે અમારા સીમાડા કેમ ઘેટા બકરા લઈ આવ્યા છો તેવુ કહેતા બન્ને જણા એકદમ ઉશ્કેરાઈ જઈ મા બેન સામે ગાળો બોલી રામાભાઈ એ નધવણભાઈ ને પકડી પાડેલ અને હમીરભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ મા-બહેન સામે ગાળો-બોલતા કહ્યુ કે આ સીમાડો તમારા બાપનો નથી તેમ કહી માથાના ભાગે લાકડી મારી માથુ ફોડી દીધુ હતુ તો નધવણભાઈ લોહીલુહાણ થયા અને તેવોને ૧૦૮ મારફતે સારવાર અર્થે લઈ જવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા નધવણભાઈ ભરવાડ ના ભાઈ વિનુભાઈ ઈન્દુભાઈ ભરવાડ દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે હમીરભાઈ હરજીભાઈ ભરવાડ તથા તેમના ભાઈ રામાભાઈ હરજીભાઈ ભરવાડ બન્ને રહે બાકલપુર તા. પ્રાંતિજ , જિ.સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ જીપીએકટ-૧૩૫ મુજબ ગુનોનોંધયો હતો અને આગળ ની તપાસ હાથ ધરી હતી.તો ઘેટા બકરા ચરાવવા ગયેલ રામાભાઈ હરજીભાઈ ભરવાડ તથા તેમના ભાઈ હમીરભાઈ હરજીભાઈ ભરવાડ ને રાસલોડ ના નધવણભાઈ ઈન્દુભાઈ ભરવાડ આ સીમાડો અમારો છે તેમ કહી ગાળો-બોલી અમારા સીમાડા મા કેમ ઘેટા બકરા ચરાવવા માટે આવ્યા છો તેમ કહીને એકદમ ઉશ્કેરાઈ જતા માથાના ભાગે લાકડી મારતા રામાભાઈ હરજીભાઈ ભરવાડ નુ માથુ ફૂટી ગયુ હતુ અને લોહીલુહાણ થતા તેવોને સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા રામાભાઈ હરજીભાઈ ભરવાડ ના પુત્ર લાલાભાઈ રામાભાઈ ભરવાડ રહે બાકલપુર દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે નધવણભાઈ ઈન્દુભાઈ ભરવાડ વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૨૩,૩૨૪, ૫૦૪ જીપીએકટ ૧૩૫ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી

## પાલનપુર ખાતે આવેલી કોંગ્રેસ કાર્યાલયને તાળા લાગેલા જોવા મળ્યા!!!!

**વિધાનસભાની ચૂંટણી પૂર્વે જ જિલ્લા કોંગ્રેસમાં નિરશતાનો અણસાર**




પાલનપુર તા.૬

વિધાનસભાની ચૂંટણી જાહેર થતાંજ રાજકીય પક્ષોમાં ચહલપહલ તેજ બની છે જેમાં સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો પાર્ટીની કચેરીઓ ઉભરાઈ રહી છે જે વચ્ચે પાલનપુર ખાતે આવેલ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલય પર તાળા જોવા મળતા લોકોમાં કુતુહલ સર્જાયું હતું . જોકે એક બાજુ ભાજપ અને આપ ચૂંટણી જીતવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે તો બીજી બાજુ જિલ્લા કોંગ્રેસ સંગઠન ને જાણે ચૂંટણીને લઈ નિરશતા હોય તેમ કોંગ્રેસ કાર્યાલય ખાલી ખમ ભાસતું જોવા મળી રહ્યું છે.

## બનાસકાંઠા એલસીબી પોલીસે ૫૫ લાખથી વધુનો વિદેશી દારૂ ભરેલ ટેન્કર ઝડપ્યું

ડીસા, તા. ૬

બનાસકાંઠા જિલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે ટેક્રરમાંથી ૫૫ લાખથી વધુનો દારુ ઝડપી પાડ્યો હતો. તેમજ એક શખ્સની અટકાયત કરી હતી. પોલીસે કુલ ૭૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિધાનસભા ચૂંટણીની આચારસંહિતાને લઈ અન્ય રાજયોમાંથી ગુજરાતમાં મોટા પ્રમાણમાં દારૂ ઘુસાડવાનુ ષડયંત્ર પકડી પાડવાની જિલ્લા પોલીસ વડાની સુચના આધારે એલસીબી પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન પો.સબ.ઈન્સ. એ.બી.ભટ્ટને બાતમી મળી હતી કે, એક ટેક્રર (નં. ઈત્ન.૦૯.ય્હ્ર.૨૩૭૭) માં વિદેશી દારૂનો જથ્થો ભરી રાજસ્થાન તરફથી ગુજરાત બોર્ડરમાં પ્રવેશ કરીને અમીરગઢથી પાલનપુર થઈ છાપી તરફ જવાની છે.જે બાતમીના આધારે નાકાબંધી કરતા ટેક્રરના ચાલકે ટેક્રર રોક્યું ન હતું. જેનો પીછો કરી પાલનપુર-છાપી હાઈવે ઉઓર ધારેવાડા પોલીસ ચેકપોસ્ટ ઉપર ટેક્રરને પકડી લીધું હતું. જેમાં ડ્રાઈવર જાલારામ નારનારામ ઉમેદારામ જાટ (રહે.લીલાસર કોલુ તા.બાઈતુ જી.બાડમેર રાજસ્થાન) ના ટેક્રરમાંથી દારૂની પેટી ૯૯૪ તેમજ છુટક બોટલો ૪૨૮ મળી કુલ બોટલ ૧૨, ૩૫૬ (કિંમત ૫૫ , ૫૧૯૪૫) સહિત કુલ ૭૫,૭૧, ૯૪૫ ના મુદ્દામાલ સાથે શખ્સની અટકાયત કરી હતી. અને ચાલક વિરૂદ્ધ છાપી પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.



## ભિલોડાના મઉં ગામના જય ભીમ યુવા સંઘ દ્વારા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૦૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉં ગામના જય ભીમ યુવા સંઘ ધ્વારા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ધુળાભાઈ અને નરેશભાઈ દ્વારા ફૂલહાર અને દીપ પ્રગટાવી વયોવૃદ્ધ (Senior Citizens) નો સન્માન સમારોહ કાર્યક્રમ ને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.દરેક વયોવૃદ્ધ ને ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માનભેર સન્માન કર્યું હતું. સામાજીક કાર્યકરો ગુણવંત પરમાર,જયંતિ પરમાર,મહેશ પાટીલ,હસમુખ પરમાર,સંજય શ્રમિક,નિલેશ પરમાર,મનીષ પરમાર,ભૂપેન્દ્ર પરમાર,ધવલ પરમાર,સંજય પરમાર સહિત યુવકો દ્વારા આનંદ ઉલ્લાસભેર કાર્યક્રમને શોભાવવામાં આવ્યો હતો.પોલીસ કર્મચારી તરીકે ફરજ પૂરી કરનાર ગોહિલ મહેશભાઈ દલાભાઈનો વિદાય સમારંભ યોજાયો હતો.જસવંત પરમાર દ્વારા છેલ્લા પાંચ વર્ષથી દર વર્ષે નવા વર્ષના દિને સામૂહિક મહાપ્રસાદીનું આયોજન કર્યું હતું.મઉં ગામના જય ભીમ યુવા સંધના કાર્યકરોએ સામાજીક આગેવાનનું ચાંદીનો સિક્કો અને શાલ અર્પણ કરી બહુમાન કર્યું હતું.

## અરવલ્લી : LCB પોલીસે શામળાજી નજીકથી પીકઅપ ડાલામાંથી ૩.૪૫ લાખનો શરાબ ઝડપ્યો,શામળાજી પોલીસે ૧.૮૮ લાખનો દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૬

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતાની સાથે અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ આંતરાજ્ય સરહદો પરથી અવર-જવર કરતા વાહનોનું સઘન ચેકીંગ અને કડક પેટ્રોલિંગ પોલીસતંત્ર દ્વારા હાથધરવામાં આવ્યું છે તમામ ચેકપોસ્ટ પર સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હોવા છતાં બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નીશીલ બન્યા છે જીલ્લા એલસીબી પોલીસે શામળાજીના શામળપુર નજીકથી ૩.૪૫ લાખનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પરથી પીકઅપ ડાલામાંથી ૧.૮૮ લાખનો દારૂ જપ્ત કર્યો હતો. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ કે.ડી.ગોહીલ,પીએસઆઈ એસ.કે.ચાવડા અને તેમની ટીમે વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં રાજસ્થાનથી વિદેશી દારૂ ભરી પીકઅપ ડાલા અમદાવાદ તરફ જતું હોવાની બાતમી મળતા શામળપુર નજીક નાકાબંધી કરતા પીકઅપ ડાલાના ચાલક રોડ પર ડાલુ ઉભું રાખી બે શખ્સો ફરાર થઈ જતા પોલીસે પીકઅપ ડાલામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૭૬ કીં.રૂ.૩૪૫૬૦૦/ તેમજ પીકઅપ ડાલુ મળી રૂ.૮.૪૫ લાખથી વધુનો જથ્થો જપ્ત કરી ફરાર બંને બુટલેગરો સામે પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક બાતમીના આધારે ખાલી કેરેટના આડમાં પ્લાસ્ટિકના મીણિયામાં સંતાડેલ ૧.૮૮ લાખનો વિદેશી દારૂ સહીત ૫.૮૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસને ચકમો આપી ફરાર પીકઅપ ડાલાના ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.



## પાલનપુરમા દશ માસ અગાઉ થયેલી ચોરીની અંતે ફરિયાદ નોંધાઈ

**પતિને રેલવેમાં નોકરીને લઇ બહાર રહેવાથી ફરીયાદમાં વિલંબ થયો : પિયર ગયેલી મહિલાના મકાનમાથી તસ્કરો ૯૯ હજારની મત્તા ઉઠાવી ગયા**

પાલનપુર તા.

પાલનપુરમાં નવી આરટીઓ કચેરી સામે આવેલ સત્યમ સિટી બંગ્લોઝમાં દશ માસ અગાઉ પિતાના મરણ પ્રસંગ માં ગયેલી એક મહિલાના બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.૯૯ હજાર ના મુદ્દામાલ ની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જોકે આ મહિલાના પતિ રેલવેમાં નોકરી કરતા હોય તેમને મોટા ભાગે બહારના રાજ્યોમાં રહેવાનું થતુ હોય મકાન માલિક મહિલાએ ચોરીના દશ માસ બાદ બનાવ અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે.

પાલનપુરમાં નવી આરટીઓ કચેરી આગળ આવેલ સત્યમ સિટી બંગ્લોઝમા રહેતી સીતાબેન જયપ્રકાશ રાણા નામની મહિલાના પિતાનું અવસાન થતા આ મહિલા ગત.તા ૧ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ પિયર આગ્રા ગઇ હતી દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરે આ મહિલાના બંધ મકાનને નિશાન બનાવી રાત્રિ ના સમયે મકાનના તાળાં તોડી તિજોરીમાં રહેલ એક તોલા સોનાની ચેઈન,અડધા તોલા સોનાની એક જોડી ઝૂમકી, સોનાના ઓમનું પેન્ડલ,અડધા તોલા સોનાની ચેઈન, ચાંદીનો કમર બંધ, ત્રણ જોડી ચાંદી ની તોડી,ચાંદીનો હાર,ચાંદીની હાંસડી અને ૩૦ હજાર રોકડ રકમ મળી ૯૯ હજારના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઇ ગયા હતા જોકે ચોરી અંગે પડોશીએ જાણ કરતા મહિલા પરત ફરી હતી .

પરંતુ તેમના પતિ રેલવે માં નોકરી કરતા હોય મોટા ભાગે અન્ય રાજ્યોમાં રહેવાનું થતું હોય ચોરીના બનાવના દશ માસ બાદ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવતા પોલીસે દશ માસ અગાઉ થયેલી ચોરીના બનાવ ની તપાસ હાથ ધરી છે.

મકાન માંથી તસ્કરો ૨૫ હજારની કિંમતના એક તોલા સોનાની ચેઈન,૧૦ હજાર ની કિંમતના અડધા તોલા સોનાની એક જોડી ઝૂમકી,પાંચ હજારના સોનાના ઓમનું પેન્ડલ,૧૦ હજારના અડધા તોલા સોનાની ચેઈન,૧૦ હજારના ચાંદીનો કમર બંધ, ૫ હજારની ત્રણ જોડી ચાંદીની તોડી,બે હજાર નો ચાંદીનો હાર,બે હજારની ચાંદીની હાંસડી અને ૩૦ હજાર રોકડ રકમ મળી ૯૯ હજારના મુદ્દામાલ ની ચોરી થઈ હતી.

## અરવલ્લી : જીલ્લા પંચાયત પ્રમુખ પુત્રના ગેરકાયદેસર ખનન સામે કિશનગઢના લોકોમાં આક્રોશ, મામલતદાર, PIને આવેદનપત્ર





મોડાસા,તા. ૬

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણનો પુત્ર પ્રેમ ભારે પડી રહ્યો હોય તેમ લાગી રહ્યો છે પ્રમુખ પુત્ર વીરભદ્રસિંહ ચૌહાણ (વિક્કી બાપુ) અને વિવાદ એક બીજાના પર્યાય બની ગયા હોય તેમ સતત ચર્ચામાં રહે છે ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના ગૌચર માંથી વીરભદ્રસિંહ અને તેમના મળતીયાઓએ મોટી માત્રામાં માટીનું ખનન કરવામાં આવતા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ અને સભ્યોએ તેમને અટકાવવાનો પ્રયત્ન કરતા પ્રમુખ પુત્રએ તેમની સામે ગેરવર્તણુક કરી બિભસ્ત શબ્દો બોલી ઘર ભેગા કરી દેવાની ધમકી આપતા ગામલોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને પ્રમુખ પુત્ર અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ સાથે મહિલા સરપંચ અને ગામલોકોએ ભિલોડા મામલતદાર અને પીઆઈને આવેદનપત્ર આપ્યું હતું. ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના મહિલા સરપંચ હંસાબેન રાકેશભાઈ કોટવાળ, ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગામલોકો પહોંચી ભિલોડા મામલતદાર અને પોલીસ ઈન્સ્પેકટરને આવેદનપત્ર આપી કિશનગઢ ગામના ગૌચરમાં ગેરકાયદેસર માટી ખનન કરનાર વીરભદ્રસિંહ ચૌહાણ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતુ .ભિલોડા ગામના મહિલા સરપંચ હંસાબેન કોટવાળના જણાવ્યા અનુસાર જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણના પુત્ર વીરભદ્રસિંહ ચૌહાણને ગામના ગૌચરમાં ગેરકાયદેસર માટીનું ખનન કરતા હોવાની જાણ થતા તેમને રોકવા જતા ટેલિફોન પર અપશબ્દો બોલી તેમજ ગ્રામ પંચાયત બોડીને સસ્પેંડ કરાવી દેવાની ધમકી આપી હતી.